# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૯૦ વર્ષ - ૧૭ : જુલાઈ–૨૦૧૩

## આસો વદ ૭, સોમવાર તા.૨૩-૧૦-૧૯૭૮. બહેનશ્રીનાં વચનામૃત–૩૪૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૧૨૮

**નિજ ચેતનપદાર્થના આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે. અગાધ શક્તિમાંથી શું ન આવે ? ૩૪૧.**



૩૪૧ બોલ છે. **'નિજ ચેતનપદાર્થના આશ્રયે...'** ચેતનપદાર્થ તો ભગવાન પણ ચેતનપદાર્થ છે પણ અહીંયાં આત્મા નિજ પદાર્થ, જે ત્રિકાળી જ્ઞાયક કહીએ, જેને ભૂતાર્થ કહીએ, જેને સત્યાર્થ કહીએ એવો જે નિજ પદાર્થ ચેતન એને આશ્રયે. આહા..હા..! આ લોકોને આકરું પડે છે એટલે એકાંત છે એમ કહે છે. દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રયથી પણ પમાય તો એ અનેકાંત કહેવાય, એમ કહે છે. આહા..હા..! એ તો મિથ્યા અનેકાંત છે. સમ્યક્ એકાંત તો આ છે કે નિજ પદાર્થ જે પૂર્ણ આનંદ ધ્રુવ સામાન્ય, એનો પરિણામ આશ્રય કરે. ભાષાથી શું કહેવું ? પરિણામ એનો આશ્રય કરે એટલે ? પરિણામ તો પરિણામ છે પણ પરિણામ એ બાજુ ઢળે ત્યારે તેનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. આમ છે.

મુમુક્ષુ :– આશ્રય લેવો ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આશ્રય કોણ આપે ? આશ્રય ક્યાં હતો ન્યાં ? ભાષા તો એની શું કહેવું ? **'भूदत्थमस्सिदो खलु'** લ્યો ! એ ભાષા છે. ૧૧મી ગાથા. ભૂતાર્થ આશ્રયે એટલે કે પરિણામ જે પર તરફ વળેલા છે એ પરિણામ તો ત્યાં રહ્યા. પછીના પરિણામ ઉત્પન્ન થયા તે પરિણામને તેમાં વાળ. આહા..હા...! શું ભાષા થાય ? સમય તો એક જ છે. કથન શું થાય ? આહા..હા..!

એ ભગવાનને પકડવો એટલે શું ? પરિણામ જે આ બાજુ ઢળેલા છે, પર્યાય પર્યાય ઉપર રુચિવાળી છે, પર્યાય રાગ ઉપર રુચિવાળી છે એ પર્યાય તો ત્યાં રહી. આહા..હા..! પણ પછીના પરિણામને (આ બાજુ વાળ). ઝીણી વાત, બાપુ ! લોકોને એકાંત લાગે છે, એ બિચારા પોકાર કરે છે. છાપામાં આવ્યું છે. 'બુલંદ શહેર'માં એકદમ આખા શહેરનો પોકાર (છે કે) જેટલું અહીંનું સાહિત્ય છે એને મંદિરમાંથી

બહાર કાઢી નાખો, કાઢી નાખ્યું. અરે..! પ્રભુ ! શું કરે છે ? બાપુ ! ભાઈ ! ભગવાનનો આ પોકાર છે. સવારમાં ન આવ્યું ? કે, શુભભાવ છે એ અજીવ છે, ભાઈ ! એ જીવની જાત નહિ. શુભભાવ.. આહા..હા..! એ અજીવ છે. એટલે ? ચૈતન્ય સ્વભાવનું સ્વરૂપ એમાં નથી. આહા..હા..! એથી તેને અજીવ ભગવાન એમ કહે છે. આહા..હા..! ત્યારે ચેતનપદાર્થ જે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ એને આશ્રયે... આહા..હા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ **'અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..!

જેના સંગ્રહમાં ગ્રહાયેલું, રહેલું અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એટલે ચારિત્ર વીતરાગતા, એવો જે ભગવાન ચૈતન્ય પદાર્થનો સ્વભાવ, એનો આશ્રય લેતા એટલે કે પરિણતિને અંદર વાળતા. આહા..હા..! કાલે કહ્યું નહોતું ? 'શ્રીમદ્'માંથી કહ્યું હતું કાલે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે કરી વૃત્તિ અખંડ સન્મુખ,' કરી વૃત્તિ, વૃત્તિ એટલે પરિણતિ. અખંડ નામ દ્રવ્ય સ્વરૂપ અખંડ વસ્તુ. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ મૂળ માર્ગ સાંભળો જિનનો રે.' બાપુ ! માર્ગ તો આ છે. આહા..હા..! 'છે દેહાદિથી ભિન્ન આત્મા રે,' દેહાદિ એટલે દેહ, કર્મ, પુણ્ય ને પાપના ભાવ 'એનાથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ' એ તો જ્ઞાન દર્શનના ઉપયોગવાળું તત્ત્વ છે, પ્રભુ ! ચેતનપદાર્થ કહો કે ઉપયોગ સ્વરૂપ કહો. ત્રિકાળ, હોં ! આહા..હા..! 'ઉપયોગી સદા અવિનાશ' અવિનાશ છે, એ તો ધ્રુવ છે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો રે' આ માર્ગ છે. આહા..હા..! આ શબ્દોમાં આ રીતે સાદી ભાષામાં કહેવાણું. આહા..હા..!

નિજ ચેતનપદાર્થ એટલે પર ભગવાન પદાર્થ એ નહિ. આહા..હા..! નિજ ભૂતાર્થ પદાર્થ. પ્રમત્ત અપ્રમત્ત દશા વિનાનો જે જ્ઞાયક ભાવ. આહા..હા..! એવો જે નિજ ચેતન પદાર્થ. આહા..હા..! **'એને આશ્રયે અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ...'** આહા..હા..! પર્યાયમાં અનંતા જેટલા ગુણો છે, અદ્‌ભુત સ્વભાવના સામર્થ્યથી ભરેલા, એનો આશ્રય કરતાં તારી પર્યાયમાં પ્રભુ ! તને અનંત વિભૂતિ પ્રગટ થશે. આહા..હા..! કેમકે જેટલા ગુણો છે તેટલા ગુણોનું એકરૂપ વસ્તુ ચેતનપદાર્થ, એનો આશ્રય કરતાં પરિણામને દ્રવ્યનો ભેટો થતાં. આહા..હા..! ભગવાનમાં જે અનંતી વિભૂતિ પડી છે એ અનંત વિભૂતિ, અદ્‌ભુત આત્મિક વિભૂતિ, જોયું ? પેલી ધૂળની ને આ તારા પૈસા કરોડ ને બે કરોડ ને ધૂળ માટીના પિંડલા એ (વિભૂતિ) નહિ. આહા..હા..! શું કીધું ?

મુમુક્ષુ :– ઝવેરાત હોય તોય માટીના ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઝવેરાત શું મોટા હીરા કરોડ નથી ? દસ કરોડનો ઓલો નહોતો ? (આપણે મુમુક્ષુના) મામા 'સરદારશહેર'માં દસ કરોડ હતા. તે દિ', હોં ! અત્યારે તો એની કિંમત વધી ગઈ હવે. પણ કેટલા કરોડના હીરા ભરેલા પટારામાં. આપણે (મુમુક્ષુ છે) એના મામા. દસ કરોડ તો તે દિ' કહેવાતા. આ તો પચાસ વર્ષ પહેલાંના. અત્યારે તો હવે વધી ગઈને. આહા..હા..! હીરા ભરેલા એકલા. આહા..હા..! પણ એ જ્યારે કપડા સિવડાવે સઈ પાસે અને ઓલી શું કહેવાય દોરાની ? રીલ. એ દોરા થઈ રહે ને રીલ રહે ને ? રીલ, એ લઈ લે પોતે. આહા..હા..! અને શીશી દવાની દવા થઈ રહે તો એ શીશી વેચવા જાય. માણસને મોકલે ભલે. અરે..રે..! પ્રભુ ! શું કરે છે તું ? ઇ કહેતા કો'ક, હોં ! એટલે સાંભળેલું છે આપણે.

મુમુક્ષુ :– પૈસો મારો પરમેશ્વર એમ માન્યું છે એમ ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અર..ર..ર..! બાપુ ! પરમેશ્વર તો ચૈતન્ય પદાર્થ ભગવાન પૂર્ણ પરમેશ્વર (છે). આવતું નથી ? ૩૮ ગાથામાં નથી આવ્યું ? મારા પરમેશ્વરને હું ભૂલી ગયો. ૩૮ ગાથામાં આવે છે. આહા..હા..! પરમ ઈશ્વર, પરમ શક્તિઓનો ભંડાર સાગર નાથ આત્મા. આહા..હા..! અરે..! બાળ ગોપાળ, બાળક ભલે એ આઠ વર્ષની કન્યા હો પણ જેણે આ અદ્‌ભુત નિજ પદાર્થનો આશ્રય કર્યો તો એને... ભાષા છે ને ? 'સર્વ ગુણાંશ તે સમકિત' એનો અર્થ ઇ છે કે, અનંત વિભૂતિ અદ્‌ભુત પ્રગટશે, ભાઈ ! આહા..હા..! બીજો કોઈ રસ્તો નથી.

આહા..હા..!

ક્યાંક શાસ્ત્રમાં એવું આવ્યું હોય કે, કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. 'પ્રવચનસાર'માં આવે છે, છેલ્લે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, ભાઈ ! એવા કર્મકાંડ તો અનંતવાર કર્યા છે પણ છતાં કેમ ન થયું ? આહા..હા..! અહીં તો કર્મકાંડ જે છે એ તો અજીવ છે, એમ કીધું ભગવાને તો. આહા..હા..! એ વ્રત ને તપ ને બધા જેટલા વિકલ્પ ઊઠે છે, પ્રભુ ! એ તો આસ્રવ તત્ત્વમાં કહ્યું છે ને પ્રભુએ. એ તો પુણ્યાસ્રવ છે. આહા..હા..! એનાથી સ્વભાવનો આશ્રય થઈ શકે ? જેનાથી જુદું પાડવું છે તેને આશ્રયે અંદર જઈ શકે ? આહા..હા..!

અહીંયાં કહે છે, નિજ પદાર્થ ચેતનપદાર્થ. નિજ પદાર્થ છે કોણ ? કે, ચેતનપદાર્થ છે એ. આહા..હા..! જાગૃત સ્વભાવ સ્વરૂપ પદાર્થ છે એ. એકલો ઉપયોગ જ્ઞાયકભાવ. એમાં અવિનાભાવી અનંત ગુણ ભલે હો. આહા..હા..! એ ચેતનપદાર્થ જે નિજ તેને આશ્રયે. આહા..હા..! ભગવાન નવમી, દસમી, અગિયારમાં એમ કહ્યું, છઠ્ઠીમાં એ કહ્યું અને એકસો છપ્પનમાં એમ કહ્યું. **'વિદ્વજનો ભૂતાર્થ ત્યજી વ્યવહારમાં વર્તન કરે, પણ કર્મ ક્ષયનું વિધાન તો...'** કર્મ ક્ષય તો નિજ આત્માને આશ્રયે થાય છે. આહા..હા..! પરમાર્થ આશ્રિત સંતને, એમ છે ને શબ્દ ? **'પણ કર્મ ક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને.'** ભગવાન પરમાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એને આશ્રયે મુક્તિ થાય. એને આશ્રયે માર્ગ થાય ને એને આશ્રયે મુક્તિ થાય. આહા..હા..! ભગવાનનો આમ પોકાર છે ને એને તમે એકાંત કહો, પ્રભુ ! આહા..હા..! ધર્મને લાંછન આવે છે, પ્રભુ ! આહા..હા..!

અહીંયાં તો ભગવાન પૂર્ણ આનંદ છે તેનો આશ્રય છોડી અને રાગના આશ્રયથી લાભ મનાવે, પ્રભુ ! એ લાંછન છે. આહા..હા..! એ પરમ પદાર્થ મહાપ્રભુ, એનો અનાદર કરવા જેવું છે, ભાઈ ! આહા..હા..! વીતરાગ સ્વભાવથી ભરેલો નિજ પદાર્થ એને આ રાગના આશ્રયે લાભ થાય ? આહા..હા..! ભગવાન ભિખ માગે, આહા..હા..! રાગની ભિખ માગે કે, રાગ મને થાવ, રાગ મને થાવ, એનાથી મને કલ્યાણ થશે. અરે..! પ્રભુ ! આહા..હા..! એ ભિખારાવેડા છોડ. આહા..હા..!

નિજ ચેતનપદાર્થ ભગવાન પૂર્ણ જ્ઞાયક ભાવ, ભૂતાર્થ ભાવ, સત્યાર્થ ભાવ, ત્રિકાળભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ, સદશરૂપભાવ. આહા..હા..! એને આશ્રયે અનંત અદ્‌ભુત પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા (થાય). શક્તિવંત નિજ પદાર્થનો જેણે આશ્રય લીધો.. આહા..હા..! એની વર્તમાન પર્યાય–દશામાં–અનંત અદ્‌ભુત વિભૂતિ પ્રગટે છે. આહા..હા..! અનંત આત્મિક વિભૂતિ, આટલા શબ્દો પડ્યા છે ને ? અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ. આહા..હા..!

તારે શું કરવું છે ? પ્રભુ ! બીજું શું કરવું છે ? બાકી તો બધું કર્યું તેં. બધું એટલે ? શુભ-અશુભભાવ અનંત વાર કર્યા, ભાઈ ! એમાં કાંઈ હાથ ન આવ્યો ભગવાન. કેમકે એ એમાં નથી, શુભ-અશુભભાવ સ્વરૂપમાં નથી. એ તો ચેતનપદાર્થ છે. જ્ઞાન જાગતી, જાગતી જ્યોત બળે છે અંદર. આહા..હા..! એને આશ્રયે, ભગવંત ! તારા નિજ પદાર્થને આશ્રયે. આહા..હા..! અનંત અદ્‌ભુત (આત્મિક વિભૂતિ પ્રગટે). કેમકે વસ્તુ છે એ અદ્‌ભુત શક્તિનો ભંડાર છે. એનો આશ્રય લેતા **'અનંત અદ્‌ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..! એક લીટી પંક્તિએ તો ગજબ છે ! આહા..હા..!

બાર અંગમાં પણ એ કહ્યું છે. આવ્યું છે ને કળશમાં ? બાર અંગ કોઈ અપૂર્વ ન કહેવાય. આહા..હા..! પણ એમાં અનુભૂતિ કીધી છે ભગવાને, એમ કીધું. આહા..હા..! અનુભૂતિ એટલે ? ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લઈને અનુભવ કરવો એ અનુભૂતિ. આહા..હા..! પ્રભુ ! એને તું ભલે એકાંત કહે પણ એ પ્રભુ એ સમ્યક્ એકાંત છે. આહા..હા..! 'શ્રીમદ્‌'માં નથી આવ્યો એક ટુકડો ? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અનેરો કોઈ હેતુ નથી. એ ત્યાંય કહ્યું છે.

અનેકાંત પણ–દ્રવ્ય ને પર્યાય બે અનેક છે

અનેકાંત છે, અનેક ધર્મ છે. એમાં પણ સમ્યક્ એકાંત–ત્રિકાળી સ્વભાવનો આશ્રય તે સમ્યક્ એકાંત. આહા..હા..! એના સિવાય નિજપદની પ્રાપ્તિનો બીજો કોઈ હેતુ નથી, પ્રભુ ! આહા..હા..! નિજ પ્રભુતાનું માહાત્મ્ય ન આવે અને એ રાગની ક્રિયાનું માહાત્મ્ય આવે, પ્રભુ ! એ તો અજીવનું માહાત્મ્ય છે, ભાઈ ! આહા..હા..! નિજ પદાર્થના આશ્રયે, ચૈતન્ય નિજ પદાર્થના આશ્રયે, ચૈતન્ય પદાર્થના અવલંબે. આહા..હા..!

ઊંચે ચડવું હોય તો આમ દોરડાનું આલંબન લે છે ને ? એમ ભગવાનને ઊંચે અંતરમાં જાવું હોય તો આત્માનું અવલંબન લેવું પડે એને. આહા..હા..! તો ઊંચે જાશે હેઠે છે તે. રાગની ક્રિયામાં એકત્વ છે ને ? પ્રભુ ! એ હેઠે છો, પ્રભુ ! એને ઊંચે જાવું હોય તો દ્રવ્યનું, દ્રવ્યનું આલંબન લેવું પડશે. આહા..હા..! આવી વાતું છે હવે. સાધારણ માણસને સાંભળતા કઠણ પડે એટલે બીજો રસ્તો લઈ લીધો. ભાઈ ! બીજો નહિ એવો હોય. આહા..હા..!

માથે મોતના નગારા વાગે છે, નાથ ! કે સમયે પૂરું થશે ? આહા..હા..! જુઓને ! ઘડીકમાં કાંઈક થઈ જાય છે. આ (મુમુક્ષુને) અત્યારે આમ પીડા (છે). કાલથી ન્યાં લઈ ગયા છે, કાલ આવ્યા હતા, જોયું. હું હેઠે ઉતર્યો. શ્વાસ તો હતો પણ અહીં કાંઈક હશે મૂંઝવણ બહુ. આ બધો હાડકાનો માળો, માંસનો લોચો એમાં ક્યાંક લોહીને આમ દબાણ થઈ જાય. ભગવાન તો અંદર ભિન્ન છે. આહા..હા..!

મુમુક્ષુ :– ભગવાન મુંઝાય ગયો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ મુંઝાણો છે એ પોતાનું છે એમ માનીને મુંઝાણો છે. એ વસ્તુમાં મૂંઝવણ નથી, વસ્તુમાં તો મિથ્યાત્વભાવ તે વસ્તુમાં નથી. આહા..હા..! એ તો કહ્યું નહિ સવારમાં ? રાગની એકતાબુદ્ધિ એવો જે અધ્યવસાન એ મિથ્યાત્વ છે. એ અજીવ છે. ભગવાન સ્વરૂપમાં એ છે નહિ. આહા..હા..! મિથ્યાદષ્ટિરૂપ મિથ્યા શલ્ય એ ભગવાન સ્વરૂપમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :– દ્રવ્યના સ્વરૂપમાં નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પર્યાયને લક્ષે, નિમિત્તને લક્ષે પર્યાયમાં પર્યાયના ભાવથી ઉત્પન્ન થયેલો, ગુણભાવથી નહિ. આહા..હા..! ભગવાનમાં અનંત ગુણ છે પ્રભુમાં તો. એ કોઈ ગુણને અવલંબે મિથ્યાત્વ થાય ? વસ્તુમાં નથી ત્યાં. આહા..હા..!

મુમુક્ષુ :– એક ગુણનું અવલંબન લે તો રાગ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ભેદ પાડે તો. એક ગુણનું કારણ તો એમ કહ્યું છે, 'પ્રવચનસાર'માં અસાધારણ જ્ઞાન કારણને ગ્રહીને. આહા..હા..! પાઠ તો એવો છે ત્યાં, 'પ્રવચનસાર'. પ્રથમ (અધિકાર). અસાધારણ કારણ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, જે બીજામાં નથી, જે બીજો એવો નથી.

મુમુક્ષુ :– જ્ઞાન કહીને દ્રવ્ય કહેવા માગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ્ઞાન એટલે જ એ આખો આત્મા. કારણ કે, જાણનાર જ્ઞાન છે, બીજા ગુણો જાણનાર નથી. પોતાનું અસ્તિત્વ ધરાવે છે, બીજા ગુણો પોતાની હયાતી ધરાવે છે પણ એ પોતે પોતાને જાણતા નથી. આહા..હા..! એથી એ જ્ઞાન ગુણ જ બધાને જાણે છે. પોતાને જાણે છે અનંતા દ્રવ્યને પોતાના, અનંતા દ્રવ્યને, અનંતા ગુણને, અનંતી પર્યાયને અને વર્તમાન પોતાની અનંતી પર્યાયને (જાણે છે). ભિન્ન ભિન્ન જે અસ્તિત્વ છે તે તે પર્યાય તેને જાણતી નથી. આહા..હા..!

એવી જે જ્ઞાનની પર્યાય જ્ઞાયકભાવને અવલંબે જે થાય, તે પર્યાય પોતે સ્વતંત્ર અનંત ગુણથી ભિન્ન (છે). અને ખરેખર તો એ પર્યાય છે એ શ્રદ્ધાની પર્યાયને કારણે સમ્યક્ પર્યાય થઈ એમ પણ નથી. આહા..હા..! દરેક ગુણની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય છે. આહા..હા..! અરે..રે..! એ નિજ દ્રવ્યને આશ્રયે જે અનંત વિભૂતિમાં જ્ઞાન પર્યાય પ્રગટી, સ્વને પકડવાની જે પર્યાય, એ પર્યાય પણ નિશ્ચયથી તો ષટ્કારકના કારણોથી પરિણમીને પ્રગટી છે. આહા..હા..! આશ્રય કર્યો ભલે આ બાજુ, પણ એ પોતે પ્રગટી છે એ ષટ્કારકથી પોતે પ્રગટી છે. એ પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય કારણ એ

જ પર્યાય સંપ્રદાન, એ જ પર્યાય અપાદાન, એ જ પર્યાય અધિકરણ. આહા..હા..! આવી વાત છે. કારણ કે, દ્રવ્ય છે એ તો ધ્રુવ કૂટસ્થ છે, અપરિણામી છે. આહા..હા..!

મુમુક્ષુ :– એવું તો કાંઈ શ્વેતાંબરમાં લખ્યું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શ્વેતાંબરમાં ક્યાં હતું ? એ બિચારાને દુઃખ લાગે એને, હોં ! પણ એ વસ્તુ નથી, ભાઈ ! આ તો દિગંબર સંતો એટલે કેવળીઓના કેડાયતો. આહા..હા..! અરે..! ભાઈ ! આ પક્ષ નથી, ભાઈ ! આ તો વસ્તુનો સ્વભાવ આમ છે. આ દિગંબર પક્ષ આમ માને છે, શ્વેતાંબર (આમ માને છે). અરે..! પ્રભુ ! એમ નથી. એ વસ્તુ એવી છે. વીતરાગમૂર્તિ પ્રભુ છે એને આશ્રયે જે વિભૂતિ પર્યાય પ્રગટે તે વીતરાગી પ્રગટે. રાગને આશ્રયે આ પ્રગટે ને રાગથી આ થાય, એવો વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

'મોક્ષમાર્ગ'માં આવ્યું છે શ્વેતાંબરનું જ્યાં લખાણ છે ને છેલ્લું ? એ લોકો શુભથી સ્વર્ગ પણ માને ને શુભથી મોક્ષ પણ માને. છેલ્લો શબ્દ છે, પાંચમા શ્વેતાંબરના છેલ્લો. છેલ્લો બતાવ્યો છે. આહા..હા..! છે અહીં ? આ 'મોક્ષમાર્ગ' છે ને ? પાંચમો. **'વળી તેઓ વ્રતાદિરૂપ શુભ ઉપયોગથી જ દેવગતિનો બંધ માને છે તથા તેને પાછો મોક્ષમાર્ગ માને છે.'** આહા..હા..! પાંચમો અધિકાર. આકરું પડે, પ્રભુ ! શું થાય ? રાગથી જે ધર્મ માને એ અન્ય મત છે, એ જૈન મત જ નથી. આહા..હા..! જૈન મત તો વીતરાગમૂર્તિ પ્રભુ, એ વીતરાગ પર્યાયે તેને ધર્મ થાય, એનું નામ જૈન ધર્મ ને જૈન મત છે. આહા..હા..! શું થાય ? એ તો બંધમાર્ગ ને મોક્ષમાર્ગને એક કર્યો પણ એ મિથ્યા છે. દુઃખ લાગે. એ પણ કહ્યું છે ને ? 'મોક્ષમાર્ગ'માં એવો ક્યો માર્ગ છે કે, બીજાને બધાને ઠીક લાગે ? શું થાય ? ભાઈ ! આહા..હા..! પ્રભુ ! તારી પણ કરુણાથી વાત છે, નાથ ! તું દુઃખમાં લઈ લે એમ ન હોય, ભાઈ ! આહા..હા..!

ભગવાન અંદર પરમાત્મ સ્વરૂપ કૃતકૃત્ય ભગવત સ્વરૂપ બિરાજે છે એના આશ્રયથી લાભ થાય કે પર ને રાગના આશ્રયેથી થાય ? આહા..હા..! મોટપને મુકી દઈને હીનની દશા લીધી. આહા..હા..! ભગવાન મહાપ્રભુ, એને અવલંબે **'અનંત અદ્ભુત આત્મિક વિભૂતિ પ્રગટે છે.'** આહા..હા..! **'અગાધ શક્તિમાંથી શું ન આવે ?'** આહા..હા..!

મુમુક્ષુ :– પૈસા ન આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાગેય ન આવે. આહા..હા..! કહો ભાઈ ! આવી વાતું છે, પ્રભુ ! ભાઈ ! દુનિયાને બહુ આકરી લાગે. અહીંનું સાહિત્ય પ્રભુ ! અહીંનું સાહિત્ય સમ્યક્ ચૈતન્યનો આશ્રય લેવાની વાત કરે છે. આહા..હા..! ગમે એટલી વાતું લખી હોય લાખ, કરોડ પણ અહીંનું સાહિત્ય એટલે પ્રભુને આશ્રયે થાય છે. આહા..હા..! એ સ્વરૂપ ભગવાન, જેને ભૂતાર્થ કહ્યો અગિયારમી ગાથાએ, જેને જ્ઞાયક કહ્યો છઠ્ઠી ગાથાએ, જેને ૧૫૬ ગાથાએ વ્યવહાર તજી ભૂતાર્થ કહ્યો જેને. આહા..હા..! પ્રભુ ! એ તને મોંઘું પડે પણ માર્ગ તો આ છે. આહા..હા..!

ધર્મીને શુભભાવમાં પણ રસ નથી, આવે છે (પણ) રસ નથી. તો પછી કોઈ અશુભભાવમાં રસમાં જોડાય જાય અશુભમાં તો તો એની દૃષ્ટિ રહેતી નથી. શું કહ્યું ઇ ? શુભભાવ પણ જ્યાં સોહાતો નથી, એનો રસ નથી. રસ તો ભગવાનનો રસ છે તેનો રસ છે. આહા..હા..! એમાં પણ કોઈ જીવ સ્વચ્છંદી થઈને અશુભરસના રસમાં ચડીને માને કે, મારે અશુભભાવ હોય તો પણ નિર્જરા છે. ભાઈ ! એમ નથી. એ શું યાદ આવ્યું ? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. ભાઈ ! એ શું કહ્યું ? બાપુ ! આહા..હા..! જ્ઞાનીને જે વિકલ્પ ઊઠે છે, એ છે તો દુઃખરૂપ. ભોગથી નિર્જરા ? તો તો પછી ભોગના ભાવને છોડવું એ તો રહેતું નથી. એ તો દૃષ્ટિનું જોર બતાવીને જેને જ્ઞાયક ચૈતન્ય મહાપ્રભુ જેની દૃષ્ટિમાં વર્તે છે એને કોઈ ભાવ આવ્યો પણ એ એને દૃષ્ટિની અપેક્ષાએ અલ્પ સ્થિતિ રસ પડે છે તેને ન ગણ્યો, એમ કહ્યું છે. પણ એ અશુભભાવમાં

રસ આવીને, પ્રેમ આવીને થઈ જાય તો તો તે દ્રવ્યનો આશ્રય રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસી જાય છે. જ્ઞાનીને જે અશુભભાવ આવે એ કાળા નાગ જેવું દુઃખ લાગે છે એને. આહા..હા..! એનો એને રસ નથી, એમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે, ભાઈ ! ભગવાન આનંદનો નાથ એમાં સુખબુદ્ધિ રોકાય ગઈ છે ત્યાં. આહા..હા..!

**'અગાધ શક્તિમાંથી શું ન આવે ?'** આહા..હા..! ભગવાન તો અગાધ શક્તિનો ભંડાર પડ્યો છે ને, પ્રભુ ! આહા..હા..! જેની સિદ્ધની પર્યાય પાછળ પણ તેની મોટપનો પાર નથી. સિદ્ધની તો એક સમયની પર્યાય છે ને એવી અનંતી અનંતી પર્યાયોનો ભરેલો એક ગુણ, એવા અનંતા ગુણનો ભંડાર અગાધ શક્તિનો ભંડાર પ્રભુ છે. આહા..હા..! એનો આશ્રય લેતા, એનું અવલંબન લેતા શું ન પ્રગટે ? આહા..હા..!

'ભરત' ચક્રવર્તી, જેને બત્રીસ કવળનો આહાર. એનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી ન શકે. એવો એનો બત્રીસ કવળનો ખોરાક. એક કવળની અબજોની કિંમત. હીરા ને માણેક એને ભસ્મ કરી અને ઘીમાં નાખ્યા હોય અને એમાં ઘઉં નાખ્યા હોય. એ ઘઉં પી જાય, એની બનાવે રોટલી. આહા..હા..! એવા બત્રીસ કવળનો આહાર. આહા..હા..! છતાં એ વિકલ્પ છે એ રસવાળો નથી. બત્રીસ કવળનો એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચવી શકે એવો જેનો ખોરાક. આહા..હા..! છતાં તે ખોરાક પ્રત્યેનો અશુભભાવ છે, એમાં રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ અગાધ શક્તિનો નાથ પ્રભુ ! આહા..હા..! એમાંથી શું ન આવે ? એ સવા બે લીટી થઈ. આહા..હા..! અગિયારમી ને છઠ્ઠીનો સાર છે આ. આહા..હા..! ૩૪૨ મોટું છે.

---

**(ધન્ય આરાધના** (કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા વ્યક્ત થયેલ સ્વયંની અંતરંગદશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન))

આવા મસ્ત આત્મભાવને લીધે શબ્દાદિક વિષયોની વૃત્તિ ઉપશાંત થઈ ગઈ છે. વ્રત, નિયમ લેવાની કૃત્રિમ વૃત્તિ સહજ ઉત્પન્ન થતી નથી. અન્ય ઇચ્છાઓનું પ્રમાણ અલ્પ અને મંદ છે, બહુભાગ કુદરતના ક્રમને અનુસરવાનું રાખ્યું છે. ઇન્દ્રિયોની પ્રવૃત્તિમાં શૂન્ય-મનસ્કપણે વર્તાય છે તેટલો ઇન્દ્રિય વિષયરસ નીરસપણાને પ્રાપ્ત થઈ ગયો છે. શાસ્ત્રવાંચનના શુભપરિણામોમાં પણ ચિત્ત ચોટતું નથી. નય, પ્રમાણ અને તત્ત્વજ્ઞાનના અનેક ભેદ-પ્રભેદોના વિષયો જ્ઞાનમાં હોવા છતાં પણ વિસ્મરણ તુલ્ય થઈ ગયા છે. નિર્વિકલ્પ આભ્યંતર પરિણતિમાં આત્મરસ અને આત્મજાગૃતિની આવી ઉગ્રતા વર્તે છે.

ઉક્ત દશાને લીધે બાહ્યમાં મન, વચન, કાયાની, પ્રવૃત્તિ મર્યાદિત થઈ ગઈ છે. જે કાંઈ છે તેમાં પણ સાવધાનીનો અભાવ છે. ખાવા, પીવા વગેરે ઉદયની ક્રિયા કર્મોદય પ્રમાણે વર્તે છ. જેની યોગ્યતા-અયોગ્યતા વિષે અસાવધાની છે અથવા સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે.

અંતરમાં પૂર્ણતા પ્રાપ્ત કરવાની ઘેલછાવત્ તીવ્રતા છે. લોકવ્યવહારને જોતાં તથારૂપ ઘેલછાને ગુપ્ત રાખવી પડે છે, તેટલો સંકોચ જે કાંઈ થાય છે તેટલી હાનિ છે અર્થાત્ મોક્ષમાર્ગીને નિઃસંકોચપણે અંતરપ્રવૃત્તિમાં પુરુષાર્થપૂર્વક પ્રવર્તવું યોગ્ય છે. જો કે વર્તમાન દશાને ગૌણ કરીને, એક નિજ પરમાત્મતત્ત્વમાં એક તાર વૃત્તિએ પ્રેમ-પ્રવાહ/મહિમામાં રહેતાં મોક્ષની આકાંક્ષા પણ રહી નથી, એવી બળવાન દ્રવ્યદૃષ્ટિ પ્રવર્તે છે. ત્યારે બીજી બાજુ પૂર્ણતાના લક્ષે; અપૂર્ણદશાને લીધે અસંતોષ પણ વર્તે છે. અને આટલું બધું છતાં તેમાં અપૂર્ણતા ભાસે છે, તે કારણથી ખેદ રહે છે. ઉદાસીનભાવે વ્યાપાર આદિની પ્રવૃત્તિ ચાલે છે. એ પ્રકારે વિચિત્ર દશા સંક્ષેપમાં વર્ણવી છે અને જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી ખેદ નહિ મટે તેમ લાગે છે. તેમાં અપૂર્ણતાનો નિષેધ વર્તે છે.



# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા
# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૫૨૮ના વચનામૃત
# ઉપર થયેલ ભાવવાહી પ્રવચન તા.૧૭-૧૦-૧૯૯૦

૫૨૮.

**'સ્વપ્નેય જેને સંસારસુખની ઇચ્છા રહી નથી,...'** આ સત્પુરુષની વ્યાખ્યા કરે છે. સંસારમાં સંસારી સંયોગની વચ્ચે દેખાવા છતાં, સંસારના સંયોગો વચ્ચે ઊભેલા હોવા છતાં **'સ્વપ્નેય જેને સંસારસુખની ઇચ્છા રહી નથી, અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાનીપુરુષ...'** આ જ્ઞાનીપુરુષની વ્યાખ્યા કરી. **'સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે,...'** આખા સંસારનો સરવાળો મૂકી દીધો છે, કે આમાં ક્યાંય સાર નથી. અને સ્વપ્નામાં પણ, એમાં સુખ છે એ વાત એમના સ્વપ્નમાં આવે એવું નથી. એવી જેમની દશા છે.

**'એવા જ્ઞાનીપુરુષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે,...'** એમને પૂર્વકર્મનું પ્રારબ્ધ ભોગવવું પડે છે. વેદવું પડે છે એટલે ભોગવવું પડે છે તોપણ એ પોતાની આત્મઅવસ્થાને સંભાળે છે. અંદરમાં સાવધાન હોય છે, જાગૃત હોય છે. પોતાની આત્મજાગૃતિમાં રહીને એ આ પ્રારબ્ધને ભોગવે છે. આત્મજાગૃતિ ખોઈને પ્રારબ્ધને ભોગવતા નથી. **'એવા જ્ઞાનીપુરુષ પણ વારંવાર આત્માવાસ્થા સંભાળી સંભાળીને...'** બહુ સાવધાની રાખે છે એમ કહે છે. **'ઉદય હોય તે પ્રારબ્ધને વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી.'** આત્મઅવસ્થા સંભાળવી એનો બીજો અર્થ એ છે કે આત્મઅવસ્થા ટકવી અને વૃદ્ધિગત થવી એવા પુરુષાર્થ પરાયણ રહેવું, પુરુષાર્થમાં રહેવું.

'ગુરુદેવ' કહેતા હતા, કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ તો ઘણો જોઈએ એમાં કાંઈ સવાલ નથી. તીવ્ર પુરુષાર્થવાનનું એ કાર્ય છે. પણ સમ્યગ્દર્શન થયા પછી એ સમ્યગ્દર્શન ટકવા માટે એથી વધારે પુરુષાર્થ જોઈએ છે. જોકે પુરુષાર્થ તો દશા વૃદ્ધિગત થવા માટે ચાલતો જ હોય છે. અને જ્યારે દશા વૃદ્ધિગત થતી હોય છે ત્યારે નહિ ટકવાનો તો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. કેમકે વધે છે માટે ન ટકવું કે ટકાવવું એ પ્રશ્ન રહેતો નથી. પુરુષાર્થ તો વૃદ્ધિગતપણાનો હોય છે. પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં જે પુરુષાર્થ જોઈએ, તેના કરતાં વિશેષ પ્રકારનો જોઈએ, વધારે જોઈએ એ વાત સહેજે સમજી શકાય એવી છે.

એટલે એમ કહે છે **'આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી.'** નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં પુરુષાર્થ અવશ્ય વધારે હોય છે પણ એ વખતે પુરુષાર્થને નડતરરૂપ અથવા પ્રતિપક્ષરૂપ રાગનો ઉદય પણ નથી હોતો. આ થોડો વિચારવા જેવો વિષય છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય, ત્યારે રાગની ઉપસ્થિતિ જ થતી નથી, બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન થતો નથી. એટલે જે આત્માને કાંઈ પણ પ્રતિપક્ષમાં ઊભેલી પર્યાય છે, જે ભાવ છે એ ભાવનો ત્યાં ઉદ્‌ભવ જ નથી થયો. જ્યારે પ્રારબ્ધના ઉદયકાળે તો સંયોગો અને સંયોગો તરફના પરિણામ હોય છે અને દશામાં વૃદ્ધિગતપણું કે ટકવાપણું રાખવાનું હોય છે. માટે વધારે પુરુષાર્થની જરૂર છે એમ પણ એનું ગણિત મૂકવામાં આવે તો સીધું સમજી શકાય એવી વાત છે.

તમારી સામે લડનાર કોઈ ન હોય અને તમે સારી રીતે લાઠીનો કે તલવારનો દાવ કરી દેખાડો (તો)

ઠીક વાત છે કે ભાઈ બરાબર છે. આવડે છે સારું. પણ સામે કોઈ મારનાર હોય ત્યારે એ દાવ કરવો એમાં ફેર છે અને ન હોય ત્યારે કરવો એમાં ફેર છે. આ ફેર જરા વધારે ઊંડાણથી સમજવા જેવો છે.

બીજો એક પ્રસંગ મુમુક્ષુને માટે લઈએ. સામાન્ય રીતે મુમુક્ષુ શાસ્ત્ર સ્વાધ્યાય કરે, કે આત્માના સ્વરૂપનું... શાસ્ત્ર સ્વાધ્યાય કરે ત્યારે આત્માના સ્વરૂપને લક્ષમાં લે અથવા સ્મરણ કરે અથવા ચિંતવન-મનન કરે ત્યારે આત્મસ્વરૂપને સ્મરણમાં લે. ત્યારે સ્મરણમાં લેવું એક વાત છે અને ઉદયની ભીંસ ઊભી થાય ત્યારે સ્મરણમાં રાખવું એ બીજી વાત છે. બેય બીજી બીજી વાત છે. બેય જુદી જુદી વાત છે. બંનેનું ફળ બહુ જુદું છે. કેમકે સામે બીજી વિપરીત પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તો તે પ્રકારની વિશેષ યોગ્યતા હોય તો જ મુમુક્ષુ (ટકી શકે). (એવે વખતે) આત્મસ્વરૂપનું સ્મરણ આવે તે બહુ મોટી વાત છે. તેમાં પણ મરણનો પ્રસંગ લ્યો. પ્રતિકૂળ પ્રસંગોમાં પાછો એમ લ્યો. ઉદયની ભીંસમાં એમ લ્યો, કે મૃત્યુનો ખ્યાલ આવે અને લાગે કે હવે બચવાનો કાંઈ આરો-વારો નથી. એ વખતે જો એને પોતાના આત્મસ્વરૂપનું સ્મરણ આવે તો એ વાત બીજી છે અને નવરો બેસીને ઠવણી લઈને શાસ્ત્ર પકડીને આત્માનું સ્મરણ કરે એ બીજી વાત છે. એ તો નવરો પડ્યો માટે કામ કરે છે. અને અહીંયાં તો એવી વાત છે કે બીજું કાંઈ સાંભરે નહિ. દેહાત્મબુદ્ધિ છે અને દેહ છૂટવાનો અવસર આવે. કોઈ રીતે એ વાત એ સંમત કરવા તૈયાર નથી કે મારે મરવું છે, એ વાત કોઈ સંમત કરે એવું નથી.

એ વખતે મૃત્યુના પ્રસંગને ગૌણ કરીને અજર-અમર એવા આત્માને સ્મરણમાં લે તો એનું ફળ જુદું છે. અને સામાન્ય રીતે બીજું કામ ન હોય અથવા બીજું સામાન્ય કામ આઘુંપાછું કરીને કલાક નવરા થઈને સ્વાધ્યાય કરે અને આત્માનું સ્મરણ કરે, આત્માનો વિચાર કરે એ વાત પણ બીજી છે. આત્મવિચારમાં અને આત્મવિચારમાં પણ આ ફરક છે.

એટલે જ્ઞાની જે ઉદયના કાળમાં પ્રમાદ થવા દેતા નથી એમાં જ્ઞાનીનો પુરુષાર્થ બતાવવો છે. આ જ્ઞાનીની અંતરંગ દશા છે. આ જ્ઞાનીની મૂળદશા છે. અંતરંગ દશા છે એટલે જ્ઞાનીની આ મૂળદશા છે. એના પુરુષાર્થને જોવો. ઉદયના ઘેરાવા વચ્ચે પણ એના પુરુષાર્થને જો જોવે તો એ જ્ઞાનીના પુરુષાર્થને ઓળખે અને એ રીતે જો ઓળખે તો એને એ પ્રકારે જે બહુમાન આવે એ બીજી કોઈ રીતે આવે નહિ. એવો એ પ્રસંગ છે.

જ્ઞાની **'આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી. પ્રમાદના અવકાશ યોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ જે સંસારથી કહ્યો છે,...'** જો પ્રમાદ થાય તો એમ કહે છે. જો અવકાશ પામીને જ્ઞાની પ્રમાદમાં આવે તો એને પણ નુકસાન થઈ જાય એમ કહે છે. અંશે વ્યામોહ (થાય) એટલે એને પણ નુકસાન થાય એવો **'સંભવ જે સંસાર...'**ના પ્રસંગોથી રહ્યો છે. કેટલાય ચિત્ર-વિચિત્ર પ્રસંગો ઊભા થાય છે.

**'તે સંસારમાં સાધારણ જીવે રહીને તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને આત્મહિત ઇચ્છવું એ નહિ બનવા જેવું જ કાર્ય છે;...'** આ મુમુક્ષુ થઈને ખોટું સમાધાન કરે છે એને વાત કહે છે. બરાબર છે. ઘણા જ્ઞાનીઓએ, તીર્થંકરોએ બધાએ સંસારમાં રહીને આત્મહિત સાધ્યું. આપણે પણ વેપાર ધંધો આપણા નસીબે આવી પડ્યો છે. માટે આપણે પણ કરતા... કરતા... કરતા... આત્મહિત સાધી લઈએ. એને આ જવાબ દ્યે છે, કે ભાઈ ! જ્ઞાનીને પણ આ સંભાળવું પડે એવો આ સંસારનો પ્રસંગ છે. તેમાં સાધારણ જીવે... સાધારણ જીવે એટલે જેનો પુરુષાર્થ હીન છે અથવા જેનું આત્માનું સત્ત્વ હજી પ્રકાશ્યું નથી. જે પોતે હીનસત્ત્વ થયેલો છે એવા જીવે **'વ્યવસાય લૌકિકભાવે કરીને...'** લૌકિકભાવે કરીને એટલે શું ? હજી મેળવવું છે. જેમ વધારે મેળવીશ એમ મારી આબરૂ પણ વધારે ગણાશે. અથવા હું વેપાર કરીશ, એક દુકાન હશે તો કહે એક દુકાનવાળો છે. પાંચ દુકાન હશે તો કહેશે એની પાંચ પાંચ દુકાનો ચાલે છે. લોકોમાં મારી ગણના વધારે થાશે. જેટલો હું વધારે પ્રગતિ કરીશ, (એટલા) મારા સંયોગો ઉજળા

થશે, વધારે વૃદ્ધિગત થશે, એટલી મારી કિંમત પણ સમાજની અંદર (વધશે). બધા આગળ બેસાડે. ભાઈ ! એમને જરી આગળ આવવા દો. પણ એમાં છે શું ? આગળ બેસે કે પાછળ બેસે એમાં ફેર શું પડે છે ? જીવ એક કલ્પના કરી લ્યે છે કે એની કિંમત વધારે. વાતમાં કાંઈ માલ નથી. એ બધો લૌકિકભાવ છે. એ લોકસંજ્ઞાએ કરીને આત્મહિત ઇચ્છવું એ તો નહિ બનવા જેવું જ કાર્ય છે. કોઈ રીતે આત્મહિત થાય એવું નથી.

પોતાને નિવૃત્તિના પરિણામ છે ને ? પોતે વ્યવસાયમાં ઊભા છે. પોતે 'મુંબઈ'થી તો કાગળ લખે છે. વ્યવસાયમાં ઊભા છે અને નિવૃત્તિના પરિણામ અંદરથી જોર કરે છે. એટલે પત્રમાં એ વિષય પણ આવે છે કે અમારે સંભાળી સંભાળીને ચાલવું પડે છે. અહીંયાં ઊભા છીએ પણ પ્રમાદ રાખ્યા વગર ઘણી જાગૃતિથી બહુ સંભાળીને ચાલીએ છીએ. નહિતર ધડ ઉપર માથું રહે એવું નથી. શિરચ્છેદ થાય એટલે મૃત્યુ થાય. આત્મદશા પડે એટલે મૃત્યુ થાય. એટલું સંભાળવું પડે એવું છે. અને એ સંભાળતા અમને (પણ) પરસેવો ઊતરી જાય છે. પ્રસ્વેદ આવી જાય છે ક્યારેક. લખ્યું છે ને ? પરસેવો ઊતરી જાય છે, એમ લખે છે. એવા પુરુષાર્થમાં ઊભા છીએ તો સાધારણ જીવની શું સ્થિતિ થાય ? સાધારણ માણસ તો બિચારો ડૂબી જ જાય. બીજું કાંઈ થાય નહિ. એટલે એ સંયોગોની અંદર એવો કાર્યની પાછળ આવી જાય પોતાના કામકાજમાં. કેમકે લાભ-નુકસાનનો સવાલ છે. વ્યવસાયમાં તો ચોખ્ખો લાભ-નુકસાનનો સવાલ છે.

એટલે ત્યાં એને એ રીતે **'આત્મહિત ઇચ્છવું એ નહીં બનવા જેવું જ કાર્ય છે;...'** એ તો બની શકશે નહિ એવું દેખાય છે. **'કેમકે લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી,...'** એનું લક્ષ જ લોકો ઉપરથી ખસતું નથી. **'ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી.'** મારા આત્માને શું હિત થાય ? સંયોગનું હિત-અહિત જોનારને આત્માનું હિત-અહિત જોવાનો વિચાર પણ આવતો નથી. એને વિચાર પણ નહિ આવે. એ નવરો થાય ને શાસ્ત્ર વાંચે બીજી વાત છે. પણ કામમાં લાગી ગયા પછી તો... ખલાસ. એક પછી એક પછી એક. આ Counter business હોય એને શું થાય ? ઘરાકની લાઇન લાગી હોય. બે જાય ત્યાં ચાર આવીને ઊભા રહે. શું કરે ? માથું જ ઊંચું થાય નહિ. એને કેવી રીતે વિચાર આવે ? સાધારણ જીવ આત્મવિચારણા કરે કેવી રીતે ? જ્ઞાનીએ પણ સંભાળવું પડે એવું છે. એમને કામનું દબાણ બહુ હતું. પોતે થડો સંભાળતા હતા એટલે કામનું દબાણ ઘણું રહેતું. બહુ સંભાળવું પડતું હતું. તો બીજાની શું દશા થતી હશે ? આ ચિતાર મૂક્યો છે. **'ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી.'**

**'એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે.'** લૌકિકભાવની નિવૃત્તિ થાય તો આત્મહિતના વિચારણાનું કાંઈક પરિણામ એટલે ફળ આવે. અથવા એ બાજુના પરિણામ ચાલે. પણ લૌકિકભાવ ચાલુ રહે... લૌકિકભાવ ચાલુ રહે. હજી રળવું છે, હજી જોઈએ, હજી જોઈએ, વધારે જોઈએ, એને તો આત્મહિતની વિચારણા પણ ત્યાં આવશે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- આત્મા પકડાતો નથી એટલે આ બધું...

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી પકડાય પણ ? લૌકિકભાવ આડે પકડાય એવું નથી. બે વાત વિરુદ્ધ છે. લોકભાવના, લોકસંજ્ઞા અને એ પ્રકારના જે લૌકિકભાવો એ આત્માને પકડવા માટેના મોટામાં મોટા દુશ્મન છે. કોઈ રીતે એ પકડી શકાય એવું નથી. એને કાળકૂટ ઝેર કીધા છે. શું કીધું છે ? એ કાળકૂટ ઝેર છે. પાછું એ કાંઈ ધંધા-વેપારમાં જ લોકસંજ્ઞા નથી આવતી. અહીં ધર્મના ક્ષેત્રમાં આવે ત્યાં પણ લોકસંજ્ઞા (રહે) કે આટલું વાંચન મેં કર્યું, આટલી મેં પૂજા કરી, આટલું મેં દાન દીધું, આટલું આટલું મેં ધર્મના ક્ષેત્રમાં ગણતરી થઈ શકે એવા બહારના કાર્યો કર્યા.

મુમુક્ષુ :- ૪૫ વર્ષથી સાંભળીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૫ વર્ષથી તો અમે અનુયાયી છીએ. ઠીક ! એ બધી ગણતરી લોકસંજ્ઞામાં જાય છે અને એને કાળકૂટ ઝેર કહેવામાં આવે છે. આત્માના આનંદઅમૃતને એ મારી નાખે છે.

**'કેમકે લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ;...'** કેટલા અહિતના કારણો છે એમ હવે કહે છે. હેતુ એટલે કારણ. **'અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ;...'** એટલે વ્યવસાય. વ્યવસાય, કુટુંબ પરિવારની પળોજણ. લૌકિકભાવ. પળોજણ કહેવાય ને ? શું કહેવાય એને ? બીજો કાંઈ સારો શબ્દ છે ?

**'લૌકિકભાવ,...'** લોકોને મુખ્ય રાખીને, સમાજને મુખ્ય રાખીને વિચારાતો ભાવ. **'લોકચેષ્ટા,...'** લોકોમાં સારું દેખાડવાનો પ્રયત્ન. મારું વધારેમાં વધારે સમાજમાં સારું દેખાય. ધાર્મિક પ્રતિષ્ઠા પણ મારી વધે. જ્ઞાનીપુરુષો તો એમ કહે છે, કે જે જીવને ધાર્મિક પ્રતિષ્ઠા વધારવાનો વ્યામોહ છે, એટલે ધર્મનો જે સમાજ છે એમાં પોતાની પ્રતિષ્ઠા (વધે), એ જીવને આખા સંસારમાં કોઈ ચીજ નથી મેળવવી એવી વાત રહેતી નથી. પૈસાનો લાલચુ અને આ પ્રતિષ્ઠાનો લાલચુ, એમાં કોઈ ફેર નથી. ઓલો તો હજી સારો છે. પ્રતિષ્ઠા માટે પ્રયત્ન કરનારો તો શું શું કરશે એ કહેવાનું મુશ્કેલ છે. એટલે જેને ધાર્મિક પ્રતિષ્ઠા પણ મેળવવી નથી, માત્ર પોતાનું આત્મહિત જ સાધવું છે. એ પ્રતિષ્ઠા ઉપર જેનું લક્ષ નથી. એવી જેની લોકચેષ્ટા નથી, એવી જેની લોકસંજ્ઞા નથી, લૌકિકભાવ નથી એનું આમાં કામ છે.

**'એવો સંસારસંબંધી પ્રસંગ; લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ...'** એની જાગૃતિ, એની સંભાળ રાખે, સાવધાની રાખે કે આમાં ક્યાંય મારું ખરાબ નથી બોલાતું ને ? કોઈ મારું ખરાબ નથી બોલતું ને ? અરે..! તું ગમે તેટલી સંભાળ રાખીશ તો પણ (એ રોકી શકીશ નહિ). 'ઋષભદેવ' ભગવાન સત્‌યુગના પ્રારંભમાં થયા તોપણ 'મરિચિકુમાર' બહાર જઈને ખરાબ બોલતા હતા. બહાર જઈને. બોલતા હતા કે નહોતા બોલતા ? તમે ઓળખો નહિ. મારા દાદાને તમે ઓળખો નહિ. મારા દાદાને અમે ઓળખીએ કે તમે ઓળખો ? એમ કહે. ઘરમાં તો અમે રહીએ છીએ. એને કોણ ઓળખે ? તમે જાણતા નથી આ મહામાયાવી છે. આ બધો જે દેખાવ કર્યો છે, સમવસરણમાં જાકજમાળ બધું છે પણ એ બધી માયાની રચના છે. તમે એમને ઓળખતા નથી. એમ કહે. કાપવામાં બાકી રાખે નહિ. આ પરિસ્થિતિ હોય છે.

મુમુક્ષુ :– એ સત્‌યુગના જમાનામાં.

પૂજ્ય ભાઈશ્રી :– સત્‌યુગના જમાનામાં અને તીર્થંકરના પુણ્ય. સાધારણ માણસના તો પુણ્ય પૂરા હોય જ ક્યાંથી ? કે એનું કોઈ વાંકું બોલે જ નહિ. એવા પુણ્ય ક્યાંથી હોય ? હોય શકે જ નહિ. કોઈપણ સત્પુરુષ હોય, કોઈપણ મહાપુરુષ હોય, કોઈપણ તીર્થંકર હોય એના વિરોધ કરનારા હોય છે, હોય છે અને હોય છે. ભલે એની ગતિ ઘણી માઠી છે પણ હોય છે ખરા, નથી હોતા એવું નથી. આ પરિસ્થિતિ છે. એટલે એ બધી સંભાળ જતી કરી દેવી. એના સામું જોવું નહિ.

**'એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને, તેને સંક્ષેપીને...'** એનું દુર્લક્ષ કરીને. એ તો પ્રસંગ વ્યવહાર સંબંધી સંસાર પ્રસંગ હોય તો એનો સંક્ષેપ કરવો. એમણે લખ્યું છે, લગ્ન પ્રસંગ આવ્યો છે ને ? બહુ આડંબર થાય એવું કાંઈ કરવું નહિ. પોતાનો દેખાવ વધે કે, ભાઈ ! 'મુંબઈ'માં તો એમને પેઢી છે. એ જમાનામાં 'મુંબઈ'માં ઝવેરાતની ઝવેરી બજારમાં પેઢી અને ફોરેનના વેપાર એટલે આબરૂ મોટી થઈ ગઈ. હવે ઘરે લગ્નપ્રસંગ આવે ત્યારે દેખાડવાનું તો લગ્નપ્રસંગમાં જ દેખાવ થાય. અમથું તો કાંઈ આણું પાથરીને બેસે નહિ, કે જુઓ! અમે આટલું બધું કમાણા. લગ્નપ્રસંગે ખર્ચ કરે ત્યારે લોકોને ખ્યાલ આવે કે, ભાઈ ! લાગે છે કાંઈક આની પાસે સંપત્તિ સારી થઈ ગઈ લાગે છે. તો કહે છે, આડંબર કરશો નહિ. સૂચના આપી છે. અમે મોડા આવશું પણ કામમાં જે રોકાણા છે એ લોકો આડંબર વધે અને અમારો દેખાવ વધે એવું તમારે કાંઈ કરવાનું નથી. એ રીતે **'સંક્ષેપીને આત્મહિતને અવકાશ આપવો ઘટે છે.'** એટલે ગૌણ કરીને આત્માના હિતને મુખ્ય કરવું તો જ આત્મહિત

થાય, નહિતર આત્મહિત થાય નહિ.

**'આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી,...'** આ તો એમના વચનોનો મુદ્રાલેખ છે, કે જે મુમુક્ષુજીવે આત્મહિત કરવું હોય એને સત્સંગ જેવું બીજું કોઈ નિમિત્ત છે નહિ. આ વાત તો ક્યાંય પણ વિસ્મરણ કરવા જેવી નથી કે ગૌણ કરવા જેવી નથી. પહેલામાં પહેલી આ વાત છે. બાકીની બધી ક્રિયા એ પછીની છે. હેઠ છે એનાથી. **'આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત જણાતું નથી, છતાં તે સત્સંગ પણ,...'** હવે સત્સંગ તો કરે પાછો કહે છે. કરતા હોય એને હવે સૂચના છે. ન કરતા હોય એણે તો કરવો. કરતા હોય એને કહે છે.

**'તે સત્સંગ પણ, જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે,...'** સત્સંગ પણ કરે અને લોકાવેશમાં પણ એટલો ને એટલો રહે. લૌકિકભાવ એને આવે. સંસારના પ્રસંગોમાં પણ લૌકિકભાવ આવે અને અહીંયાં ધર્મના ક્ષેત્રમાં પણ એને લૌકિકભાવ આવે. ત્યાં પણ મારી મુખ્યતા રહે. અહીંયાં પણ લોકોની નજરમાં મારો દેખાવ સારો લાગે. લોકોની નજરમાં મારું સ્થાન સારું રહે, એવું જ્યાં જ્યાં એને રહે ત્યાં એને સત્સંગ છે એ સફળ થતો નથી. સત્સંગ ઉપાસતો હોય તોપણ નિષ્ફળ જાય એમ કહેવું છે.

મુમુક્ષુ :- સમાજના કાર્યો ન કરવા ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. સમાજના કાર્યો ન કરવા. આત્માના કાર્યો કરવા. સમાજના કાર્યો ન કરવા. સમાજના કાર્યો લૌકિકભાવ છોડીને એ શરતે કરવાની છૂટ છે. ક્યા શરતે કરવા ? લોકસંજ્ઞા અને લૌકિકભાવ છોડીને કરવાની છૂટ છે. રાખીને કરવાની બિલકુલ છૂટ નથી. ઝેર ખાવાની હા કેમ પડાય ? એમ છે. જે લૌકિક વિશેષતા દેખાડવી છે, લોકોમાં વિશેષતા દેખાડવી છે એ તો ઝેર ખાવાની વાત છે. એની હા કેવી રીતે પાડવી ?

શું કહે છે ? કે **'જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય...'** કદાચ થોડી સત્સંગની અસર જીવનમાં આવી હોય, પરિણમન ઉપર આવી હોય, **'તો પણ વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઈ જતા વાર લાગતી નથી;...'** થોડુંક વાંચે, થોડુંક વિચારે, થોડુંક સાંભળે, એને એમ લાગે કે ના, ના આત્મકલ્યાણ તો કરવા જેવી વાત છે. કરવું તો જોઈએ. વળી પાછો લૌકિક કાર્યોમાં પડે તો એ અસરને નિર્મૂળ થતા વાર લાગતી નથી. થોડીઘણી અસર આવી હોય એ પાછી ધોવાઈ જાય. વળી એને એમ લાગે, કે ભાઈ મને તો ફલાણા બોલાવે છે. મને તો ફલાણાએ... આજ ફલાણાનો આમ ટેલિફોન આવ્યો કે તમારા વગર તો અમારે ચાલશે નહિ. ભાઈ ! તમારો તો આવવું જ પડશે. તમારા વગર તો અમારે ચાલે જ નહિ. મારી કિંમત છે. સમાજમાં આજે મારી કિંમત છે. મારું કાંઈક સ્થાન છે એમ લાગે. કહે છે કે એમાં આત્મહિતની વાત સાફ થઈ જતા વાર લાગતી નથી. ધોવાઈ જાય. થોડુંક અહીંયાં આવે એમ લાગે કે ના, ના કરવા જેવું છે, હોં ! મહાપુરુષો આમ કહે છે, ગુરુદેવ આમ કહે છે, ફલાણું આમ છે. આત્માનું કલ્યાણ કરવા જેવું છે. દુકાને પહોંચે ન પહોંચે એ પહેલા તો કેટલાય વિચાર રસ્તામાં આવી ગયા. હજી તો ટેલીફોન સુધી પહોંચે એ પહેલા જ રસ્તામાં જ તે એ બધું ઊભું થઈ ગયું હોય. કોઈ રીતે એને કાંઈ અસર રહે નહિ એવી પરિસ્થિતિ છે. કેમકે ઓલો રસ ઘણો તીવ્ર છે. ઓલો રસ ઘણો થઈ ગયો હોય. (ત્યારે) આ પરિસ્થિતિ ઊભી થાય છે.

**'અને સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને ?'** જે જીવો સત્સંગમાં શાસ્ત્રોનું અધ્યયન કરે છે, વિચારે છે, શાસ્ત્રો વાંચે છે. તત્ત્વજ્ઞાનનો જેને અભ્યાસ છે એણે આ પડખું સંભાળવા જેવું છે, કે પોતાનો જે સ્ત્રી, પુત્ર આદિ પરિવાર અને વ્યવહાર અને જે કાંઈ સંપત્તિની પ્રાપ્તિ છે, વ્યવસાય તે આરંભ છે અને સંપત્તિની પ્રાપ્તિ છે એ પરિગ્રહ છે, એમાંથી નિજબુદ્ધિ છોડવી. આ મારું નથી કાંઈ. એવો એક પ્રયત્ન કરવો પડે છે.

જેમ શાસ્ત્રમાં આત્માને સમજવાનો પ્રયત્ન કરવો પડે છે તેમ ઉદયભાવમાં પોતાપણાની બુદ્ધિને છોડવાનો એક બીજો પ્રયત્ન કરવાનો હોય છે. બે દિશામાં પ્રયત્ન કરવાના છે. શાસ્ત્ર વાંચીને ઓલો પ્રયત્ન ન કરે એને સત્સંગ કોઈ રીતે ફળવાન થાય નહિ. એ વાંચેલું નિષ્ફળ જાય, સાંભળેલું નિષ્ફળ જાય, વિચારેલું નિષ્ફળ જાય છે. કેવી સરસ વાત લીધી છે !

આ જગ્યાએ બહુ સારું માર્ગદર્શન આપ્યું છે, હોં ! મુમુક્ષુને આ વિષય બહુ ઉપકારી છે. જે જીવો સત્સંગમાં ઓછા-વત્તા અંશે ભાગ લે છે, રસ લે છે અને સત્સંગ કરે છે એવા જીવે પોતાની સ્ત્રી, પોતાનો પુત્ર અને સ્ત્રી, પુત્ર પહેલા નામ લીધા પણ પરિવારમાં બધા આવી ગયા. ભાઈ, બહેન, માતા, પિતા બધા જેટલા વેવાઈ-વેવલા સગાસંબંધી બધા આમાં આવી જાય છે, તમામ આવી જાય છે. એ સગાસ્નેહીનો પરિવાર એમાં આત્મબુદ્ધિ છોડવી. આ મારા છે... આ મારા છે... આ મારા છે... એની મુખ્યતા છોડવી પડશે. એ પ્રયત્ન કરવો પડશે. અને વ્યવસાય અને જે સંપત્તિની પ્રાપ્તિ છે એમાં પણ પોતાપણું છોડવાનો પ્રયત્ન કરવામાં આવે તો જ સત્સંગ સફળ થાય. પ્રયત્ન ન કરવામાં આવે તો સત્સંગ સફળ થાય નહિ.

સત્સંગ સફળ થવા માટે શું શું હોવું ઘટે ? શું શું ન હોવું ઘટે ? આ ચારે પડખેથી વિચાર કરવા જેવો છે. નહિતર ખોટો સંતોષ લઈ લેશે કે હું તો રોજ સત્સંગ કરું છું. કરતાં હોય એને. ન કરતા હોય એની તો ક્યાં ચર્ચા કરવાની. કરતા હોય એને ખોટો સંતોષ આવશે.

**'જે પ્રસંગોમાં મહા જ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું, એ વાત ન જ ભૂલવા જેવી છે...'** બોરડીનું જંગલ છે. બોરડીના કાંટા સામેથી ચોંટે. કેવી રીતે ? જરાક બાજુમાંથી ચાલે ને ? તો છોડ ખેંચાય હવાથી જરાક, કપડાને ખેંચે. અને કાંટા પણ વાંકા હોય. એનો કાંટો સીધો હોય નહિ. હૂક ભરાઈ જાય એવી રીતે ભરાય જાય. ગામડા રહ્યા હોય એને ખબર હોય. આ બોરડીના કાંટાનું જંગલ છે એમ કહે છે.

**'જે પ્રસંગોમાં મહા જ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી,...'** બહુ જ જાગૃતિ રાખીને **'સંક્ષેપીને...'** પોતાની વૃત્તિ સંક્ષેપ કરીને **'સંક્ષેપીને ચાલવું, એ વાત ન જ ભૂલવા જેવી છે...'** એ જરાય વિસ્મરણ કરવા જેવી નથી.

**'એમ નિશ્ચય કરી,...'** એવો દૃઢ નિર્ણય કરીને **'પ્રસંગે પ્રસંગે,...'** એટલે દરેક ઉદયમાં **'કાર્યે કાર્યે અને પરિણામે પરિણામે તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય...'** જુઓ ! કાઠિયાવાડી શબ્દ વાપર્યો છે. તેનાથી છૂટું પડાય, મોકળું પડાય **'તેમ જ કર્યા કરવું,..'** એવો પ્રયત્ન કરવો, એવો પુરુષાર્થ કરવો, એવી જાગૃતિ રાખવી, **'એ શ્રી વર્ધમાનસ્વામીની છદ્મસ્થ મુનિચર્યાને દૃષ્ટાંતે અમે કહ્યું હતું.'** કોઈ પ્રસંગમાં, પ્રત્યક્ષ ચર્ચામાં વાત ચાલી છે, ત્યારે ભગવાન 'મહાવીર સ્વામી'ની છદ્મસ્થ મુનિચર્યાનું કોઈ દૃષ્ટાંત આપ્યું હશે. એમાં અમારે આ વાત કરવી હતી. મુનિચર્યાનો દૃષ્ટાંત લીધો છે અને મુમુક્ષુને સિદ્ધાંત સમજાવ્યો છે. સિદ્ધાંત તો કેવળીના દૃષ્ટાંતથી સમજાવે, મુનિઓના દૃષ્ટાંતથી સમજાવે. કેમકે એ દશા વધારે સ્પષ્ટ છે. તેમાં આત્મભાવ એકદમ ખુલીને બહાર આવ્યો છે. એની જાતના પરિણામ નીચે મુમુક્ષુની ભૂમિકામાં કેવા કેવા કરવા જોઈએ, કેવા કેવા હોવા જોઈએ એ સિદ્ધાંત સ્પષ્ટ કરવા માટે અમે કહ્યું હતું, એ તમારે વિચારવું, એમ કહે છે.

એ રીતે મુમુક્ષુજીવ માટે ઘણું માર્ગદર્શન આ એક પત્રના બે પેરેગ્રાફમાં આપ્યું છે. ફરી ફરીને વિચારવા જેવો અને લક્ષમાં લેવા જેવો બહુ સારો વિષય છે. અહીં સુધી રાખીએ...

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

સ્વસંવેદ્યમાન સ્વરૂપ 'અવલોકનમાં'–અનુભવમાં અખંડ રસ ધારા વરસે છે - તે શાંતરસ, અમૃતરસ - ચૈતન્ય રસધારા છે - અખૂટ આત્મરસનો પ્રવાહ છે. આ એક દેશ, જઘન્ય વેદન એવું છે કે તે આંશિક આનંદ પાસે ઇન્દ્રાદિ સંપદા દુઃખનું નિમિત્ત - વિકારરૂપ ભાસે છે. (અનુભવ પ્રકાશ) (૧૧૯)

❊

જ્ઞાનલક્ષણપૂર્વક સ્વભાવની ઓળખાણ થયા વિના વિભાવની ઓળખાણ પણ થાય નહિ અને તેથી જ સ્વરૂપની ઓળખાણ વિના અજ્ઞાન ભાવે કોઈને કોઈ વિભાવમાં જ સ્વભાવની અર્થાત્ આત્માની કલ્પના થતાં વિભાવનું સેવન છૂટતું નથી. કષાયની મંદતા અથવા જ્ઞાન - ચારિત્ર આદિ કોઈ ગુણના પરાન્મુખી ક્ષયોપશમમાં સ્વભાવનો ભ્રમ-(ઓળખાણના અભાવે) થઈ જાય છે અને તેમાં જ આગળ વધવાની અભિલાષાથી તેનું સેવન થાય છે. (૧૨૦)

❊

'સ્વરૂપની સહજ અંતર સાવધાનીરૂપ વલણ - હું જ્ઞાનમાત્ર છું', એ સન્માર્ગનું એક માત્ર મુખ્ય કરોડરજ્જુ છે. જેના અભાવમાં અન્યભાવ / અન્ય દ્રવ્યની સાવધાની સહજ રહેતાં, પ્રમાદનું રાજ્ય પ્રસરે છે. (૧૨૧)

❊

સત્‌નો પ્રગટ અનુભવ–દશા જેને વર્તે છે એવા પુરુષનો સમાગમ તે સત્સંગ છે. જે અતિ દુર્લભ છે. તેમ છતાં આવો સત્સંગ પણ અફળ જાય તેવા કારણરૂપ પરિણામને જીવ સેવે છે. ત્યારે રત્નચિંતામણિ તુલ્ય મનુષ્યભવ ગુમાવી દેવાનું / હારી જવાનું બને છે. તે સત્સંગ અફળ થવાના કારણો નીચે પ્રમાણે છે.

૧. **મિથ્યા આગ્રહ** : ભૂતકાળમાં જીવે મિથ્યા અભિપ્રાય અનાદિથી સેવ્યો છે. તેનો આગ્રહ સત્સંગ પ્રાપ્ત થવા છતાં ન મૂકવો તે મિથ્યા આગ્રહ છે. સંક્ષેપમાં તેનું સ્વરૂપ એવું છે કે જે આગ્રહને વશ 'હું માત્રજ્ઞાન સ્વરૂપ છું'–તેવી અંતર સાવધાની ઉત્પન્ન થાય નહિ અને તેથી પરની સાવધાનીરૂપ - પરિણામોની અધિકાઈ - વજન રહ્યા કરે. પ્રશસ્ત ક્રિયા - પરિણામનો આગ્રહ પણ ચૈતન્ય સ્વરૂપની સાવધાની ન થવા દ્યે, તે મિથ્યા આગ્રહ છે. સર્વ પ્રકારના મિથ્યા આગ્રહ છૂટે તેવું નિમિત્ત 'સત્‌સંગ' છે. તેમ છતાં જીવ ત્યાં પણ મિથ્યા આગ્રહને ન છોડે તો પ્રાપ્ત સત્સંગ પણ અફળ જાય છે. તેમજ મિથ્યા આગ્રહ છૂટવા પછી કોઈ કારણ-સાધન નથી.

૨. **સ્વચ્છંદપણું** : દોષિતભાવનો પક્ષપાત, દોષમાં મમત્વ થતાં સ્વચ્છંદને ઉત્પન્ન કરે છે. આ સ્થિતિ સત્સંગને અફળ કરનારી છે. દોષભાવના પક્ષપાતમાં દોષની રુચિ કામ કરે છે. તેથી તેનો અભાવ થાય તેવો પ્રયત્ન થતો નથી, ઊલટાનો સ્વચ્છંદી જીવ દોષને ગૌણ કરે છે અથવા અપેક્ષાવાદના બહાને દોષનો બચાવ / રક્ષણ કરે છે. સર્વ અન્ય ભાવ દોષરૂપ હોવા છતાં તેમાં ઉત્સાહથી - સાવધાનીથી પ્રવર્તવું થાય તે પણ સ્વચ્છંદનો સૂક્ષ્મ પ્રકાર છે. 'હું જ્ઞાનમાત્ર છું' તેવી સ્વરૂપ સાવધાનીના અભાવમાં ઉક્ત પ્રકારે સ્વચ્છંદનો જન્મ થાય છે. આ દોષ તીવ્ર થતાં માન પ્રકૃત્તિ જોર કરે છે અને તે તીવ્ર થતાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષ સંબંધી અવિવેક પણ થવા લાગે છે. સ્વચ્છંદીને ગુણ અને ગુણવાનની અરુચી છે, તેની ચાહના નથી.

૩. **પ્રમાદ** : 'હું જ્ઞાનમાત્ર છું' તેવી સતત જાગૃતિનો અભાવ અને અન્યભાવનો રસ રહેવો તે પ્રમાદ છે. પ્રમાદભાવમાં કષાયરસનો ઘણો ભાર છે. તેથી સત્સંગની અસર થતી નથી.

૪. **ઇન્દ્રિય વિષયની અપેક્ષા** : જડની અવસ્થામાં સુખબુદ્ધિ - રસબુદ્ધિ - મહિમાવંતપણું થતાં તેની અપેક્ષા રહ્યા કરે છે. ત્યારે જીવ નિજ મહિમાને, નિજ સુખને - સ્વભાવને ભૂલે છે અને સ્વભાવની ઉપેક્ષામાં વર્તે છે. 'હું જ્ઞાનમાત્ર છું' તેવી સ્વયંની જાગૃતિકાળે ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થો સુખરહિત ભાસે છે. તેથી પણ વ્યામોહ થતો નથી. 'હું જ્ઞાનમાત્ર છું' તેવી જાગૃતિપૂર્વક ઇન્દ્રિય વિષયનો જ્ઞાનમાં - સ્વમાં અભાવ ભાસ્યમાન થતાં તેની અપેક્ષાવૃત્તિ - બુદ્ધિ થતી નથી. ઇન્દ્રિય વિષયની અપેક્ષાવૃત્તિમાં (વાસના) સત્સંગમાં પ્રાપ્ત બોધ લાગતો નથી. કારણ ઇન્દ્રિય વિષયના રસમાં જ્ઞાનરસનો અભાવ છે અને જ્ઞાનમાં અર્થાત્ સ્વની જાગૃતિથી ઉત્પન્ન જ્ઞાન રસમાં ઇન્દ્રિય વિષયનો રસ અભાવપણાને પામે છે જે સત્સંગનું પ્રત્યક્ષ ફળ છે. સત્પુરુષ પ્રત્યે અત્યંત ભક્તિ સમેત સમાગમ કરવામાં આવે તો જ સત્પુરુષનો બોધ પરિણમે છે અને સત્ સમાગમમાં ભક્તિપૂર્વક સમર્પણ થતાં ઇન્દ્રિયો તરફની વૃત્તિ શિથિલ થઈ જાય છે અને 'અત્યંત ભક્તિ' વિષયવૃત્તિના રસને મંદ કરે છે ત્યારે નિજ હિતનો ભાવ બળવાન થાય છે. આમ પર વિષયનો રસ - જડનો રસ સત્સંગ સફળ થવામાં પ્રબળ અવરોધક - પ્રતિબંધક કારણ છે.

૫. **અપૂર્વ ભક્તિનો અભાવ** : સત્સંગદાતા એવા જ્ઞાની - પરમપુરુષ - પરમાત્મા પ્રત્યે અપૂર્વ ભક્તિનો અભાવ હોતાં ઉપર કહેલા ચારેય દોષ સહજ ઉત્પન્ન થાય છે. જેને અપૂર્વ ભક્તિ વર્તે છે તે જીવ સંસાર તરી જાય છે. તેથી જ્ઞાનીનો યોગ પરમ હિતકારી જાણી, પરમ પ્રેમથી, સર્વાર્પણબુદ્ધિથી, સર્વ સંયોગને ગૌણ કરીને ઉપાસવા યોગ્ય છે અને તો જ જ્ઞાનીથી પ્રાપ્ત બોધ પરિણમે છે. અન્યથા પરિણમન થતું નથી - કોરી ધારણા રહી જાય છે, આ વસ્તુસ્થિતિ છે. વાસ્તવમાં તો જ્ઞાનીની ઓળખાણ થયે પાત્ર જીવને ઉપરોક્ત પ્રકારે અપૂર્વ ભક્તિ જાગૃત થાય જ છે - થયા વિના રહેતી નથી. આવી ભક્તિ તે માત્ર પ્રશસ્ત રાગ વૃદ્ધિરૂપ નથી, પરંતુ પ્રગટ સત્નું ખરું મૂલ્યાંકન છે, જેને લીધે દર્શનમોહ દૃઢ થાય તેવા દોષ ઉત્પન્ન થતાં નથી, પરંતુ દર્શનમોહ ગળી જાય - તેવી પરિણામની સ્થિતિ થાય છે. આ સત્સંગમાં રહેલું મહાન રહસ્ય છે. તેથી જ સર્વ જ્ઞાનીઓએ સ્વયંના અનુભવથી ઠામ ઠામ સત્સંગનું મહત્ત્વ પ્રદર્શિત કર્યું છે. જે વિવાદમાં જરાપણ ખેંચી જવા યોગ્ય નથી. (૧૨૨)

❁

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુલાઈ–૨૦૧૩નું) શુલ્ક શ્રીમતી લક્ષ્મીબેન તલક્ષી છેડા (૦૯૩૨૨૨૯૦૬૮૧) તથા શ્રીમતી ઈલાબેન દીનેશભાઈ છેડા (૦૯૮૬૯૦૬૨૪૬૪), હ. દિપકભાઈ છેડાના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી માર્ગદર્શન ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

પ્રશ્ન :– વર્તમાન જ્ઞાન-વેદન ખ્યાલમાં આવે છે, તે રીતે ત્રિકાળી સત્ ખ્યાલમાં કેમ નથી આવતું ? ઉઘાડમાં તો યુક્તિ વગેરેથી આવે છે, પરંતુ અંદરથી કેમ નથી આવતું ?

ઉત્તર :– જે ઉઘાડમાં ન્યાયથી ખ્યાલમાં આવી તે ખ્યાલવાળી જ્ઞાનપર્યાય પણ કોઈ આધાર ઉપર ઉભી છે, તે આધારવાળી વસ્તુ શું છે, એ દેખીને તે આધારવાળી શક્તિમાં જ થંભી જવું–પ્રસરી જવું, તે જ સત્ સ્વભાવ છે. (ત્રિકાલી સ્વરૂપમાત્ર ખ્યાલમાં લેવાનું છે – એવો અભિપ્રાય નહીં રાખીને, અંતરમાં ત્રિકાળી આધારભૂત શક્તિને સ્વયંના રૂપમાં જોવાનો પ્રયાસ કરવો જોઈએ. જેથી સહજ સ્થિરતા થશે. (૧૨૫)

❃

પ્રશ્ન :– પર્યાયથી છૂટું કેવી રીતે થવું ?

ઉત્તર :– પર્યાયથી તો છૂટો જ છે. ત્રિકાળી તો પર્યાયમાં આવતો જ નથી. પરંતુ પર્યાયમાં એકતા કરી રાખી છે તે એકતા ત્રિકાળીમાં સ્થાપવાની છે. (૧૨૭)

❃

પરિણામમાં બેસીને (ત્રિકાળી) વસ્તુને દેખવાથી, વસ્તુ ભિન્ન દેખાય છે. તેથી પરિણામથી ભિન્ન થવા માટે વસ્તુમાં બેસીને દેખવાનું છે, ત્યાં વસ્તુમાં અહંપણું (એકત્વ) થવાથી પર્યાયનું કાર્ય ભિન્ન દેખાવા લાગશે, અને (એવી) ભિન્નતા દેખાવાથી પર્યાય નાશ થવા છતાં પણ અહંપણું (દ્રવ્યમાં) તો ત્રિકાળ જ રહે છે, તેથી પર્યાય નાશ થતાં આકુળતા નહિ થાય. અને અહીં (ત્રિકાળીમાં) બેસવાથી સુખશાંતિ વધશે. (૧૩૩)

❃

ખરી વાત એ છે કે બધી ધારણા (અજ્ઞાની પણ) સાચી કરી લે છે, પરંતુ પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખે છે, તેથી દ્રવ્ય જુદું ને જુદું પડ્યું રહે છે. પર્યાયમાં બેસીને દ્રવ્યને દેખવાનું નથી પરંતુ દ્રવ્યમાં બેસીને દ્રવ્યને દેખવાનું છે. જેથી દ્રવ્યમાં અહંપણું પ્રસરી જાય છે (અભેદતા થાય છે). પર્યાયમાં બેસવાથી (એકતા કરવાથી) દ્રવ્ય તો દૂર જ પડ્યું રહે છે. (૧૩૮)

❃

પહેલાં વિકલ્પાત્મકમાં તો આ નિર્ણય કરી લ્યો કે પરિણામની અપેક્ષાએ અહીં (અંતરમાં) જ જામવાનું છે. બીજું કંઈ કરવાનું નથી. વળી તે વિકલ્પાત્મક નિર્ણયનું પણ અવલંબન ન હોવું જોઈએ, અને હું તો અપરિણામી છું – પરિણામમાં જતો જ નથી, એવો અભ્યાસ થતાં દૃષ્ટિ જામી જશે. (વિકલ્પાત્મક નિર્ણય સાચો હોવા છતાં પણ નિર્ણયરૂપ પરિણામની મુખ્યતા થવી જોઈએ નહિ; પરંતુ અપરિણામી નિજસ્વરૂપ તરફ પુરુષાર્થ તીવ્ર હોવો જોઈએ. નિર્ણય અથવા સમજ યથાર્થ હોવાથી એવા યથાર્થ પરિણામ પર વજન રહી જવાથી તે પણ ધ્રુવ સ્વભાવના અવલંબન લેવાના હેતુ પ્રતિ પ્રતિકૂલ છે. (૧૬૦)

❃

ગમે તેવી પણ વાત કહેવામાં આવે, પરંતુ ત્રિકાળીની અધિકતા ક્યારેય પણ છૂટવી જોઈએ નહિ, કથન ગમે તેવા આવે પરંતુ તે વાત કાયમ રાખીને બીજી બધી વાત છે. ત્રિકાળીની અધિકતા ક્યારેય છૂટવી જોઈએ નહિ. (૧૬૩)

*(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)*

વારંવાર તેમાં ઉગ્રતા કેમ થાય તેવી ભાવના કરતાં કરતાં પુરુષાર્થ ઉગ્ર થાય તો કાર્ય આવે, પણ અભ્યાસ કરતાં થાકવું નહિ. અભ્યાસ તો કર્યા જ કરવો. તેને છોડવો નહિ. તેની સન્મુખતા તરફનો પ્રયત્ન છોડવો નહિ. **(સ્વાનુભૂતિદર્શન-૩૩૯)**

પ્રશ્ન :– અજ્ઞાનીના અને જ્ઞાનીના ઇન્દ્રિયજ્ઞાનમાં કાંઈ ફેર ખરો ?

સમાધાન :– બહારનું જાણવાની અપેક્ષાએ બન્નેનું જ્ઞાન સરખું છે, પણ બંનેની દિશા જુદી છે. જ્ઞાનીને યથાર્થ જ્ઞાન છે, એટલે તેને ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાન થાય છે પણ ક્યાંય એકત્વ નથી થતું. તેથી જ્ઞાની સ્વની દિશામાં રહીને એટલે કે સ્વને સાથે રાખીને પરને જાણે છે, તે સ્વને છોડતો નથી. આમ તેની દિશા જુદી છે, સ્વ તરફની છે. જ્યારે અજ્ઞાની જાણે બહાર ચાલ્યો ગયો હોય તે રીતે પરને જાણે છે. બહારનું જાણવું કે આ કમાડ છે, આ છે, તે છે, તે જાણવાની અપેક્ષાએ બન્નેનું જ્ઞાન સરખું છે. પણ તેની (જ્ઞાનીની) દિશા જુદી છે. તે જુદી (સ્વની) દિશામાં ઊભો રહીને જાણે છે અને અજ્ઞાની જુદી દિશામાં-પરમાં એકત્વ કરીને જાણે છે. આ રીતે જોવા જોવામાં ફેર છે. જ્ઞાનીને અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિ પ્રગટ થઈ છે. એ પૂર્વક અધૂરાશ છે એટલે ઉપયોગ બહાર જાય છે. જાણવામાં એટલો એને ઇન્દ્રિયનો અને મનનો આશ્રય આવે છે અને અજ્ઞાનીને તો એકલું ઇન્દ્રિયજ્ઞાન જ છે, સ્વનું જ્ઞાન નથી. જ્ઞાનીની દિશા જ જુદી છે. પોતે સ્વ તરફ પરિણતિ રાખીને, પર તરફ ઉપયોગ જાય ત્યારે પરથી છૂટો રહીને જાણે છે. આમ જાણવાની આખી દિશા જુદી છે. એટલે એમ પણ કહેવાય કે જ્ઞાનીની બધી પરિણતિ જ્ઞાનરૂપે જ પરિણમે છે અને અજ્ઞાનીનું જાણેલું બધું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે—કેમકે તે સ્વને જાણતો નથી ને પરમાં એકત્વ થઈને જાણે છે. જ્ઞાની ઇન્દ્રિયથી મને લાભ થાય, તેના આશ્રયથી હું જાણું છું તેમ માનતો નથી. તે જુદો રહીને જાણે છે, પોતે પોતાના સ્વતઃ પરિણમનને જુદું રાખીને જાણે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૪૦)**

પ્રશ્ન :– જ્ઞાનીને ઇન્દ્રિયજ્ઞાન વૃદ્ધિગત થતું દેખાય છે અને અજ્ઞાનીને ઇન્દ્રિયજ્ઞાન વૃદ્ધિગત થતું હોય તેવું દેખાતું નથી ?

સમાધાન :– ઇન્દ્રિયજ્ઞાનનું શું પ્રયોજન છે ? તે ઇન્દ્રિયજ્ઞાન વૃદ્ધિગત હોય કે ન હોય, અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિની વૃદ્ધિ થાય તે વૃદ્ધિ છે. સાધનાની વૃદ્ધિમાં તે જ વૃદ્ધિ છે. બહારનું ઇન્દ્રિયજ્ઞાન વૃદ્ધિગત દેખાય છે તે તો બધું બહારથી જોવાનું છે, તેની વૃદ્ધિ થાય તેનો કાંઈ અર્થ નથી. અંદરની અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિ વધતી જાય, સ્વાનુભૂતિ-ભેદજ્ઞાનની ધારા અંદરમાંથી વધતી જાય તે ખરી વૃદ્ધિ છે, બહારની વૃદ્ધિ તે વૃદ્ધિ નથી. બહારમાં વધતું દેખાય કે ન દેખાય તે જોવાનું જ નથી; બહારથી આટલું સાંભળ્યું, આટલું વાંચ્યું, આટલું ધાર્યું એમ તેનાથી કાંઈ પરીક્ષા થતી નથી. બહારથી વૃદ્ધિ તો અજ્ઞાનીને પણ દેખાય, પણ અંતરની પરિણતિ વધે તે ખરી વૃદ્ધિ છે. બહારની વૃદ્ધિ તે વૃદ્ધિ નથી. અંતરની પરિણતિની વૃદ્ધિ થાય તે ખરી વૃદ્ધિ છે.

ઇન્દ્રિયજ્ઞાન વધે તેનું કાંઈ મહત્ત્વ નથી. તેનું મહત્ત્વ ગણવું પણ નહિ. તે પરીક્ષાનો સરવાળો પણ નથી. અંતરની પરિણતિ શું કામ કરે છે તે જોવાનું છે. અંતર શ્રદ્ધા-જ્ઞાન-લીનતા તે બધી પરિણતિ શું કામ કરે છે તે જોવાનું છે.

મુમુક્ષુ :– લોકોને બહારનું વિસ્મય થાય છે ને ધર્માત્માને અંતરનું વિસ્મય થાય છે.

બહેનશ્રી :– અંતર-પરિણતિ જ ખરી છે. મુક્તિનો માર્ગ બધો અંતરમાં છે. અનાદિકાળથી બહાર જોવાની દૃષ્ટિ છે એટલે બહાર જોવે છે, પણ બહારનું વિસ્મય લાગે તેનાથી ખરી પરીક્ષા થતી નથી. ભગવાન સમવસરણમાં બિરાજમાન હોય તેમને જોઈને કહે કે આપની શોભા અદ્‌ભુત છે. આમ ભક્તિમાં બધું આવે. પણ અંતર જોવાની દૃષ્ટિ અંતરમાં છે. ભક્તિમાં વાણીની મહિમા કરે, શરીરની મહિમા કરે તેમ જ ગુરુદેવનો પ્રભાવનાનો યોગ કેવો ! ગુરુદેવની મુદ્રા કેવી ! તેઓ તીર્થંકરનું દ્રવ્ય છે વગેરે બધું ભક્તિથી કહે, પણ અંતરમાં પરીક્ષા કરીને કહે તે વાત જુદી છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૪૧)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– અજ્ઞાની કરતાં જ્ઞાની ગુરુનો વિનય વધારે કરે અને તેમના પ્રત્યે ભક્તિ ઊછળતાં કહે કે 'આપ મારે માટે અનંતા તીર્થંકરોથી પણ અધિક છો' છતાં શું તેમને એકત્વબુદ્ધિ થતી નથી ?

સમાધાન :– જ્ઞાની એમ કહે કે, અહીં આપ જન્મ્યા ન હોત તો અમારા જેવા પામરનું શું થાત ? એમ જ્ઞાની વધારે વિનય કરે. કારણ કે અંતરમાં પોતાને જે સ્વભાવ પ્રગટ્યો છે તે સ્વભાવની તેને એટલી બધી મહિમા છે કે તે સ્વભાવ જેણે પ્રગટ કર્યો અને સમજાવ્યો તેના ઉપર પણ તેને મહિમા આવે છે. જે શુભભાવ છે તેની સાથે અંતરમાં ભેદજ્ઞાન વર્તે છે, છતાં સાથે શુભભાવમાં તેને ઉછાળો આવે છે. મારી પરિણતિ પ્રગટ કરવામાં ગુરુદેવનો ઉપદેશ નિમિત્ત છે એમ જ્ઞાનમાં હોવાથી તેમના ઉપર ભક્તિનો ઉછાળો આવે છે અને બીજા કરતાં તેને વધારે ઉત્સાહ અને ભક્તિ આવે છે. બહારથી કોઈને એમ લાગે કે જાણે એકત્વબુદ્ધિથી બધું કરે છે, પણ શુભભાવથી તેને ભેદજ્ઞાન વર્તતું હોય છે. શુભભાવનો જે તેને ઉછાળો આવે છે તે જુદી જાતનો આવે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૩૫)**

❈

પ્રશ્ન :– જ્ઞાનીને શુભભાવ આવે છે અને તે જ કાળે ભેદજ્ઞાન વર્તે છે એ કેવું ?

સમાધાન :– જ્ઞાનીને ભેદજ્ઞાન વર્તે છે અને તે ભાવમાં ઉછાળો આવતાં એમ બોલે કે ગુરુદેવે જ બધું આપ્યું છે. અને એ ખોટું પણ બોલતો નથી, એવા ભાવ સહજ આવે છે અને તે જ કાળે તે ભાવની સાથે ભેદજ્ઞાન છે, બંને સાથે છે. તે ભાવથી અંદરથી જુદાં રહેવા છતાં બીજા (અજ્ઞાની) કરતાં દેવ-ગુરુ પ્રત્યે ખૂબ ભક્તિ આવે છે. ભેદજ્ઞાન અને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિને મેળ છે.

જેટલા સાધકનાં અને પૂર્ણતાનાં બાહ્ય સાધનો હોય તે બધાં ઉપર ઉલ્લાસ આવે છે; છતાં તે જ ક્ષણે ભેદજ્ઞાન વર્તે છે. જ્ઞાયકની અને શુભભાવની બંને પરિણતિ જુદું જુદું કામ કરે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૩૬)**



❈

પ્રશ્ન :– વચનામૃતમાં ઘણી વખત 'ઊંડી જિજ્ઞાસા' ની વાત આવે છે. તો તે ઊંડી જિજ્ઞાસા કેવા પ્રકારની હશે ? અને તે અમને કેમ પ્રગટ થતી નથી ?

સમાધાન :– જેને ઊંડી જિજ્ઞાસા થાય તેને ક્યાંય ચેન પડે નહિ, તેની પરિણતિ અંદરમાં ગયે જ છૂટકો થાય. આવી અંતરમાંથી ઉગ્ર પરિણતિ પ્રગટ થાય અને તે સળંગ ધારાવાહી રહે તો સમકિત પ્રગટ થાય. આવી ઊંડી જિજ્ઞાસા પ્રગટ થતાં કોઈને એક અંતર્મુહૂર્તમાં સમ્યગ્દર્શન થાય તે વાત જુદી છે, બાકી ઘણાને અભ્યાસ કરતાં કરતાં થાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૩૭)**

❈

પ્રશ્ન :– શું વેદન એવું થવું જોઈએ કે જેથી અંદર કાર્ય ન થાય ત્યાં સુધી ચેન ન પડે ?

સમાધાન :– હા, ચેન ન પડે. એવું વેદન અંદરથી આવવું જોઈએ. પોતાનો સ્વભાવ ગ્રહણ કરે પણ તે મંદ મંદ રહે અને ઉગ્ર ન થાય ત્યાં સુધી પ્રાપ્ત ન થાય. પણ તેનું વેદન તેને અંતરમાંથી એવું પ્રગટ થાય કે તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચેન જ ન પડે. અંદરથી ઉગ્ર આલંબન અને ઉગ્ર પરિણતિ પોતા તરફ જાય તો પ્રગટ્યા વગર રહે જ નહિ. આકુળતારૂપે નહિ પણ અંદર વેદન જ એવું થાય કે પરિણતિ બહાર ટકવાને બદલે એકત્વબુદ્ધિ તૂટીને અંતરમાં જ્ઞાયક પરિણતિ થાય. એવી ઉગ્રતા થવી જોઈએ. વિશેષ લીનતાની વાત પછી રહી પણ આ એક જ્ઞાયકની પરિણતિ તેને છૂટી થઈને એકદમ પરિણમનરૂપે થાય એવું ઉગ્ર વેદન તેને અંદરથી આવવું જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૩૩૮)**

❈

પ્રશ્ન :– ઉગ્ર વેદન માટે શું કરવું ?

સમાધાન :– તેનો અભ્યાસ અંતરમાં કર્યા કરે.

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૬ ઉપર)**




**૨૫૫**

મુંબઈ, અષાડ સુદ ૧૩, ૧૯૪૭

**'એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત, નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી, જાતભાતનો કંઈ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેત રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી; શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવાથી,– અથવા ઈશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી; પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ; હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે; પાંચે ઇન્દ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે; નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતાં નથી. કંઈ વાંચતાં ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે; મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી. આમ સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે. એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ; અને જેટલી છૂપી રખાય છે, તેટલી હાનિ છે. યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય એનો કંઈ હિસાબ રાખ્યો નથી. આદિપુરુષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે; આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ; અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ;... એટલી બધી ઉદાસીનતા છતાં વેપાર કરીએ છીએ; લઈએ છીએ, દઈએ છીએ, લખીએ છીએ, વાંચીએ છીએ; જાળવીએ છીએ, અને ખેદ પામીએ છીએ. વળી હસીએ છીએ–જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે.'**

પરમ કૃપાળુદેવની દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની ઇચ્છા શ્રી સૌભાગ્યભાઈને રહે છે, તેથી આ પત્રમાં ટૂંકામાં પોતે લખી જણાવી છે. ઉક્ત લખાણમાં આભ્યંતર દશાની રોચક અભિવ્યક્તિના દર્શન થાય છે.

તેઓશ્રીને પુરાણોમાં ગાયેલો પરમ પદાર્થ, ગુણનિધાન, નિજસ્વરૂપના મહિમા સિવાય કાંઈ ગમતું નથી કે રુચતું નથી, તેથી કાંઈ પણ પ્રાપ્ત કરવાની ઇચ્છા સહજપણે થતી નથી. ચાલતા વ્યવહારમાં અસાવધાની-અજાગૃતિરૂપ બેભાનપણું છે, સમસ્ત જગત પ્રત્યે દુર્લક્ષ છે. એટલું જ નહિ પણ પોતાને કોણ અનુકૂળ છે કે કોણ પ્રતિકૂળ છે તેની ખબર પણ પોતે રાખી શકતા નથી. (સામાન્ય માણસને પોતાથી કોણ અનુકૂળ-પ્રતિકૂળ છે તેનું લક્ષ છૂટી શકતું નથી. મિથ્યાત્વના શલ્યવશ તેવું લક્ષ રહ્યા કરે છે. પરંતુ શલ્યરહિત મહાત્માઓ તેથી પર વર્તે છે) કૃપાળુદેવ આ સમયે આત્માની અત્યંત મસ્તીમાં વિચરે છે અને સમીપમાં દેહનું અસ્તિત્વ છે કે કેમ તેનું પણ વિસ્મરણ થઈ જાય છે. માંડમાંડ સંભારે ત્યારે દેહ ધારણ કર્યો છે તેમ જણાય છે. નમસ્કાર હો! પરમ સત્કાર હો! આવા આત્મભાવને!

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૬ ઉપર)**